# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી UAE, નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઇટાલીની મુલાકાતે જશે.

2) વિસ્ફોટક પડવાને કારણે ગુજરાતના સલાયાનું જહાજ ઓમાનના દરિયામાં ડૂબ્યું. 14 ખલાસીઓનો આબાદ બચાવ.

3) બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓની બે દિવસીય બેઠક આજથી નવી દિલ્હીમાં શરૂ થશે.

4) ઉત્તર પ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની ઘટનાઓમા 43ના મોત.

5) પશ્ચિમ બંગાળ સરકારે ફળો, શાકભાજી, અનાજ અને અન્ય આવશ્યક ઉત્પાદનોની આંતરરાજ્ય લેવડદેવડ પરના તમામ પ્રતિબંધો દૂર કર્યા.

6) IPL ક્રિકેટમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ રાયપુરમાં કોલકાતા નાઈટ રાઈડર્સને છ વિકેટે હરાવ્યું.

.................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - UAE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી UAE, નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઇટાલીના પ્રવાસે જવા રવાના થશે. પ્રથમ તબક્કામાં તેઓ UAEના અબુ ધાબીની મુલાકાત લેશે. વિદેશ મંત્રાલયમાં પશ્ચિમ બાબતોના સચિવ સિબી જ્યોર્જે જણાવ્યું કે શ્રી મોદી UAEના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનને મળશે. બંને દેશો તેમની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ ધપાવશે.

(BYTE- SI--SIBI-UAE)

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી મોદી અને યુએઈના રાષ્ટ્રપ્રમુખ વચ્ચે પાંચ મહિનામાં આ બીજી મુલાકાત હશે.

પ્રવાસના આગળના તબક્કામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી યુરોપના ચાર દેશ નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઇટાલીની મુલાકાત લેશે. આ અંગે વિદેશ મંત્રાલયમાં સચિવ સિબી જ્યોર્જે વધુ માહિતી આપી...

(BYTE- SI--SIBI-UAE)

# SALAYA SHIP – OMAN

ઓમાનના દરિયામાં ગુજરાતના દેવભૂમિ દ્વારકાના સલાયાનું જહાજ ડૂબી ગયું. જેમાં 14 ખલાસીઓનો આબાદ બચાવ થયો છે.અહેવાલ મુજબ વહેલી સવારે અચાનક જહાજ ઉપર વિસ્ફોટક પડતા આગ ફાટી નીકળી હતી. આગ બાદ જહાજ ઝડપથી દરિયામાં ડૂબવા લાગ્યું હતું. જહાજમાં સવાર એક ટંડેલ અને 13 ખલાસીઓએ સમયસૂચકતા દાખવી લાઇફબોટ મારફતે પોતાનો જીવ બચાવ્યો. બાદમાં ઓમાન કોસ્ટગાર્ડે તમામને રેસ્ક્યુ કરીને સલામત રીતે ડીબા બંદર પર પહોંચાડ્યા હતા. તમામ ખલાસીઓ સુરક્ષિત છે અને તેઓને કોઈ ગંભીર ઈજા પહોંચી નથી.

આ અંગે પરિવારજનોએ વધુ માહિતી આપી.

(BYTE: PARIVARJAN)

# BRICS-FOREIGN-MINISTERS-MEET

બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓની બે દિવસીય બેઠક આજથી નવી દિલ્હીમાં શરૂ થશે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આ બેઠકની અધ્યક્ષતા કરશે. બ્રિક્સ સભ્ય દેશો અને ભાગીદાર દેશોના વિદેશ મંત્રીઓ અને પ્રતિનિધિમંડળોના વડાઓ આ બેઠકમાં ભાગ લેશે. તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત કરશે.

બેઠક દરમિયાન,પરસ્પર હિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરાશે.

આવતીકાલે "BRICS @20: સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણાનું નિર્માણ" વિષયવસ્તુ પર એક ખાસ સત્ર યોજાશે. ત્યારબાદ "વૈશ્વિક શાસન અને બહુપક્ષીય વ્યવસ્થામાં સુધારો" વિષય પર ચર્ચા થશે.

દરમિયાન બેઠકમાં ભાગ લેવા વૈશ્વિક નેતાઓ રાષ્ટ્રીય રાજધાનીમાં પહોંચી રહ્યા છે. ગઈકાલે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી, થાઈલેન્ડના નાયબ વડાપ્રધાન સિહાસાક ફુઆંગકેટકેવ, ક્યુબાના વિદેશ મંત્રી બ્રુનો રોડ્રિગ્ઝ પેરિલા અને વિયેતનામના નાયબ વિદેશ મંત્રી મિન્હ હેંગ નવી દિલ્હી પહોંચ્યા હતા.

## ASSAM---UCC-BILL

આસામ સરકાર આ મહિનાની 26મી તારીખે રાજ્ય વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા –UCC વિધેયક રજૂ કરશે. મુખ્યમંત્રી તરીકેના બીજા કાર્યકાળની પ્રથમ કેબિનેટ બેઠકની અધ્યક્ષતા કર્યા બાદ મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ મીડિયાને સંબોધન કરતા આ જાહેરાત કરી. શ્રી શર્માએ જણાવ્યું કે આસામ વિધાનસભાનું વિશેષ સત્ર 21 થી 26 મે દરમિયાન યોજાશે, જે દરમિયાન નવા ચૂંટાયેલા ધારાસભ્યો શપથ લેશે.

આ સાથે, આસામ ઉત્તરાખંડ અને ગુજરાત બાદ UCC વિધેયક રજૂ કરનાર ત્રીજું રાજ્ય બનશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# UP - RAIN DEATHS

**ઉત્તર પ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની ઘટનાઓમા 43ના મોત થયા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટનાઓની નોંધ લઈ અધિકારીઓને અસરગ્રસ્ત લોકોને શક્ય તેટલી મદદ પૂરી પાડવા જણાવ્યું છે.**

**સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ...**

**(VC: SUSHIL—WEATHER)**

# WB - RESTRICTIONS

પશ્ચિમ બંગાળ સરકારે ફળો, શાકભાજી, તેલીબિયાં, અનાજ અને અન્ય આવશ્યક ઉત્પાદનોની આંતરરાજ્ય લેવડ-દેવડ પરના તમામ પ્રતિબંધો હટાવી લીધા છે. આ પ્રતિબંધોને કારણે બટાકા ઉગાડનારા ખેડૂતોને ભારે નુકસાન થયું હતું. વિધાનસભા ચૂંટણી પહેલા, ભાજપે ખેડૂતોને આ પ્રતિબંધો હટાવવાનું વચન આપ્યું હતું.

બીજી તરફ, પશ્ચિમ બંગાળ સરકારે શિક્ષકોની ભરતી, મ્યુનિસિપલ ભરતી અને સહકારી સેવા ભરતી કૌભાંડો સંબંધિત કેસોને કેન્દ્રિય અન્વેષણ બ્યૂરો - CBIને સોંપવાનો નિર્ણય લીધો છે. જયારે નિવૃત્તિ બાદ ફરીથી નોકરી પર પરત લેવાયેલા તમામની સેવાઓ પણ સમાપ્ત કરી દીધી છે.

# TRUMP-CHINA VISIT

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બે દિવસની શિખર બેઠકમાં ભાગ લેવા ચીનની રાજધાની બેઇજિંગ પહોંચ્યા છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની વાતચીતમાં ઈરાન યુદ્ધ, વૈશ્વિક ઉર્જા સંકટ, વેપાર તણાવ, તાઇવાન અને કૃત્રિમ બુદ્ધિ જેવા મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે. આ બેઠક વૈશ્વિક રાજકારણની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ વાટાઘાટો દરમિયાન અમેરિકા-ચીન વેપાર કરારને આગળ વધારવા, અમેરિકન ઉત્પાદનોની ખરીદીમાં વધારો અને હોર્મુંઝ સામુદ્રધૂની સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ શકે છે. શ્રી ટ્રમ્પ સાથે એલોન મસ્ક અને ટિમ કૂક સહિતના વેપાર અને ટેકનોલોજી ક્ષેત્રના અગ્રણી ચીન ગયા છે. આ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની તેમના બીજા કાર્યકાળમાં ચીનની આ પ્રથમ મુલાકાત છે.

# REV. ISRAELI PM-UAE

મધ્યપુર્વની પ્રવર્તમાન પરિસ્થિતી વચ્ચે ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ સંયુક્ત આરબ અમીરાતની મુલાકાત લીધી. પ્રધાનમંત્રીના કાર્યાલયના નિવેદન મુજબ, શ્રી નેતન્યાહૂએ UAEના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વાતચીત કરી.

જોકે, યુએઈએ ઈઝરાયલના પ્રધાનમંત્રીની મુલાકાતના અહેવાલોને નકારી કાઢ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, યુએઈના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે આ અહેવાલો ખોટા છે અને ઈઝરાયલ સાથેના તેના સંબંધો ફક્ત સત્તાવાર રીતે જાહેર કરાયેલા અબ્રાહમ કરાર પર આધારિત છે.

આ અંગેની પ્રતિક્રિયામાં ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ ગલ્ફ દેશોને ઈઝરાયલ સાથે સહયોગ કરવા સામે ચેતવણી આપી.

# JAISHANKAR-SA FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે નવી દિલ્હીમાં દક્ષિણ આફ્રિકાના આંતરરાષ્ટ્રીય બાબતો અને સહકાર મંત્રી રોનાલ્ડ લામોલા સાથે વાતચીત કરી.

ડૉ. જયશંકરે જણાવ્યું કે, બંને દેશોએ ભારત-દક્ષિણ આફ્રિકા વ્યૂહાત્મક ભાગીદારીના વિવિધ પાસાઓની સમીક્ષા કરી અને પરસ્પર હિતના મુખ્ય બહુપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગઈકાલે રાત્રે રાયપુરમાં કોલકાતા નાઈટ રાઈડર્સને છ વિકેટે હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા, કોલકાતાએ અંગક્રિશ રઘુવંશીના 71 અને રિંકુ સિંહના અણનમ 49 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટે 192 રન બનાવ્યા. જવાબમાં, બેંગલુરુની ટીમે વિરાટ કોહલીના 60 બોલમાં અણનમ 105 રનની મદદથી 19.1 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી. આ જીત સાથે, બેંગલુરુ 16 અંક સાથે ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે. મેચ દરમિયાન વિરાટ કોહલીએ IPL ટુર્નામેન્ટના ઇતિહાસમાં 14 હજાર રન પણ પૂર્ણ કરનાર પ્રથમ ખેલાડી બન્યો.

આજે, પંજાબ કિંગ્સ ધર્મશાળાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સનો સામનો કરશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે..
- ગુજરાત સમાચાર લખે છે અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા- રૂ. બેનો ધરખમ વધારો...
- નવગુજરાત સમયની હેડલાઈન છે સોના ચાંદી પરની આયાત જકાત વધારીને 15 ટકા કરાઈ...
- ફૂલછાબ પ્રથમ પાને લખે છે ઈંધણ બચત અભિયાન સ્પીડમાં, VIP કલ્ચરને બ્રેક...
- 72માંથી 49 IAS ની ઉંમર 40થી ઓછી- 12 કમિશનર, 9 MD ડાયરેક્ટર, 10 DDO યુવા આ હેડલાઈન છે દિવ્ય ભાસ્કરની...
- સંદેશ લખે છે સરખેજ- ધોલેરા સેમિ હાઈ સ્પીડ ડબલ લાઈન પ્રોજેક્ટને કેન્દ્રની મંજૂરી... સોના ચાંદી પરની ઈમ્પોર્ટ ડ્યૂટી 6 ટકાથી વધીને 15 ટકા...
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો 9 મ્યુનિસિપલ કમિશ્નર, 17 કલેકટરો બદલાયા- અમદાવાદમાં નવા કલેકટર ભવ્ય વર્મા..,પોલીસ હવે આરોપીનુ સરઘસ, દોરડા બાંધી જાહેરમાં માફી નહીં મંગાવી શકે...
- આજે કચ્છ અને સુરેન્દ્રનગરમાં હિટવેવ- 44.1 ડિગ્રી સાથે અમદાવાદ સૌથી ગરમ શહેર...ગુજરાત કોર્પોરેટ સેક્ટરમાં વર્ક ફ્રોમ હોમની તૈયારી...

-------------------------------------